ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૬-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### શંકરાચાર્ય અને સાંઈબાબા : સવાલ શ્રદ્ધાનો છે

શારદાપીઠ અને જયોતિષ્પીઠના અધિષ્ઠાતા જગદ્‌ગુરૂ શંકરાચાર્ય શ્રી સ્વરૂપાનંદ સરસ્વતી વર્તમાન શંકરાચાર્યોમાં સૌથી વરિષ્ઠ હોવા ઉપરાંત એક સાથે બે ધર્મપીઠોના વડા છે. આદિ શંકરાચાર્ય દ્વારા સનાતન ધર્મના સંરક્ષણ અર્થે દેશના ચાર ખૂણે ચાર પીઠો સ્થાપવામાં આવેલી, એ પછી કેટલીક ઉપપીઠો પણ અસ્તિત્વમાં આવી હતી અને દક્ષિણમાં કાંચી કામકોટી પીઠને પાંચમી પીઠ પણ માનવાનું સ્વીકારાયું હતું. શંકરાચાર્ય એટલે હિન્દુ ધર્મના ધર્માધ્યક્ષ. બધા જ સાધુ સંન્યાસીઓનાં 'બોસ'. પરંતુ કાળક્રમે આપણા ઉદારમતવાદી સમાજમાં આ ધર્મપીઠોનું વર્ચસ્વ ઘટતું ગયું અને સંપ્રદાયોનું જોર વધતું ગયું. સરેરાશ હિંદુને ચાર ધર્મપીઠોનાં નામ પૂંછવામાં આવે તો પણ એ ભાગ્યે જ ગણાવી શકશે. હિંદુ ધર્મને એક સૂત્રમાં બાંધવાની જરૂર લાગી ત્યારે દક્ષિણના બાળસંન્યાસીએ ફક્ત બત્રીસ વર્ષના અલ્પ આયુષ્યમાં દેશ આખામાં પરિભ્રમણ કરી સનાતન ધર્મની ફિલસૂફી સમજાવી હતી. તે સમયે દેશમાં બૌદ્ધ ધર્મની બોલબાલા હતી અને સનાતન ધર્મીઓ અલગ અલગ સંપ્રદાયોમાં વહેંચાઈ ગયા હતા. શૈવ અને વૈષ્ણવ એકમેકનું મોઢું જોવાનું પણ ટાળતા હતા. બૌદ્ધ ધર્મને રાજયાશ્રય મળતાં એ દેશ-પરદેશમાં ફેલાઈ રહ્યો હતો અને સનાનત ધર્મનું અસ્તિત્વ જોખમમાં આવી ગયું હતું. આદિ શંકરે આવી વિકટ પરિસ્થિતિમાં સનાતન હિંદુ ધર્મની અસ્મિતા પ્રગટાવી એની પુનઃ પ્રતિષ્ઠા કરી હતી. એમને સૂચવેલી યોજના મુજબ ચાર ધર્મપીઠોના ચાર શંકરાચાર્યો પોતપોતાના વિસ્તારના સૌથી વડા ધર્માધ્યક્ષ ગણાયા. એ પરંપરા સેંકડો વર્ષો પછી અદ્યાપિ પર્યંત અક્ષુણ્ણ રહી છે, પરંતુ સાંપ્રદાયિક પીઠો અને ધર્મસ્થાનોની ભરમાળ વચ્ચે શંકરાચાર્યની સંસ્થાની ગરિમા અળપાઈ છે. દાખલા તરીકે ધર્મસ્થાનકો પ્રત્યેની શ્રદ્ધાને કારણે આસ્થાવાન હિંદુઓ દ્વારકા જગતમંદિરનાં દર્શન કરવા તો જાય છે પણ નજીકમાં જ આવેલી શારદાપીઠમાં એમને રસ નથી હોતો, પુરી, અંબાજી, રામેશ્વર, ડાકોર, તિરૂપતિ બાલાજી, બદરી-કેદાર કે શિરડી સાંઈ મંદિર જેવા ધર્મસ્થાનોનાં દર્શન કે બાધા-માનતા રાખી સરેરાશ હિંદુ એનું ગાડું ગબડાવે રાખે છે. પિતૃતર્પણ માટે એ ગયા, પુષ્કર કે પ્રભાસ જાય છે. માતૃતર્પણ માટે સિદ્ધપુરના બિંદુ સરોવરનો મહિમા છે. દ્વારકા અને જયોતિષપીઠના શંકરાચાર્યે તાજેતરમાં શિરડી સાંઈની પૂજાનો વિરોધ કરતું નિવેદન કર્યું છે એ સનાતન ધર્મને વીખરાતો બચાવવાના ઉદ્દેશથી કર્યું લાગે છે. એમાં વિધર્મીઓ કે વિદેશીઓના ષડ્‌યંત્રની વાત ગળે ઊતરે એવી નથી. વાંક ધર્માચાર્યોનો છે, જે પ્રજાથી દૂર જતા રહ્યા છે. શિરડી સાંઈની બોલબાલા એટલી વધી ગઈ છે કે એ જગ્યા એક સુપર ધર્મપીઠ બની ચૂકી છે. મૂળે મુસલમાન ફકીર એવા સાંઈબાબા જીવ્યા ત્યાં સુધી તદ્દન સાધારણ, અર્ધપાગલ, અકિંચન ફકીરની જેમ રહ્યા, પરંતુ એમની હયાતી દરમિયાન જ એ પૂજાવા લાગ્યા હતા અને તે સમયના મોટા શ્રેષ્ઠીઓ અને લોકનેતાઓથી લઈ ઉચ્ચ અધિકારીઓ દાકતરો અને વકીલો તેમજ ન્યાયધીશો બાબાના ભક્ત બની ગયા હતા. સ્વતંત્રતા સંગ્રામના ધુરંધર લડવૈયા લોકમાન્ય બાળગંગાધર ટિળકે પણ બાબાનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બાબાના દેહવિલય પછી એમની ખ્યાતિ ઉત્તરોત્તર વધતી જ રહી છે અને એમણે આપેલ અભયવચન મુજબ તેઓ યાદ કરતાંની સાથે ભક્તોની વધારે આવી એમની ભીડ ભાંગતા હોવાની માન્યતા દઢ બનતી ગઈ છે. બાબા પોતાને ભગવાન નહોતા કહેતા, પરંતુ શ્રદ્ધાળુ લોકો માટે તો તેઓ ભગવાન જ બની ગયા છે. શ્રદ્ધાળુઓ શિરડી સાંઈ મંદિરમાં અઢળક દાન આપે છે, સોનાના ઢગ ખડકી દે છે. શિરડી સાંઈ સંસ્થાન આ નાણાંનો જનહિતાર્થે સદુપયોગ પણ કરે છે. દ્વારકાપીઠના શંકરાચાર્યને આ રીતે એક સૂફી સંતને ઈશ્વર તરીકે પૂજવો અને એની પાછળ ઘેલા બનવું એ હિંદુ ધર્મની મૂળ સંકલ્પનાથી પ્રતિકૂળ વ્યવહાર લાગ્યો છે. ઈસ્લામ એકેશ્વરવાદી છે. કુદ હજરત મહંમદ પયગંબર સાહેબને પણ મુસલમાનો પૂજતા નથી. એથી ઊલટું હિંદુ પથ્થર, વૃક્ષ, નદી, ભૂમિ, સૂર્યચંદ્ર જેવાં આકાશી તત્ત્વો, અગ્નિ, જળ, વાયુ સહિય દરેક અસ્તિત્વમાં ઈશ્વરનાં દર્શન કરે છે. આ ઉદારવાદી વલણનો લાભ લઈ આપણા દેશનાં અલેલટપ્પુઓ પણ પૂજનીય બની ગયા છે, એમના આશ્રમોમાં અઢળક નાણાંની રેલંછેલ છે. સ્વરૂપાનંદજીની ચિંતામાં જે થોડુંક વજૂદ કે વાજબીપણું છે તે ધર્મને શિસ્તબદ્ધ કરવાની મંશાને કારણે છે. બીજી તરફ શ્રદ્ધાને કશા તર્કની જરૂર નથી, એટલે આપણે ત્યાં ગામઠી લોકદેવતાઓનાં પાળિયાથી લઈ બજરંગદાસબાપુ જેવા મસ્ત ફકીરોનાં મંદિરો બનતાં રહ્યા છે. હિંદુ સનાતન ધર્મમાંથી જ ઉદ્‌ભવેલ આર્યસમાજમાં મૂર્તિપૂજા અને અવતારવાદનો વિરોધ કરાયો છે. પરંતુ જનસાધારણ માટે તો મૂર્તિ એ આસ્થાનું પ્રતીક છે. તેથી સાંઈબાબાથી લઈ જલારામ જેવા લોકસંતોની મૂર્તિઓ પૂજાતી રહી છે. પ્રજાને વિવાદમાં રસ નથી, એને તો ધર્મના નામની ટેકણ લાકડી કે ખીંટીની જરૂર છે, જે 'પ.પુ.ધ.ધુ.' બની ગયેલા ધર્માધ્યક્ષો કરતાં સાંઈ જેવા સર્વસુલભ સંત ફકીર વધુ કારગત રીતે પુરી પાડે છે. સ્વરૂપાનંદ સરસ્વતી હિંદુ ધર્મને શિસ્તબદ્ધ કરવા માગતા હોય તો હવે એ શક્ય જ નથી રહ્યું.

# ગુજરાત યુનિવર્સિટીમાંથી પીઈસી મેળવવામાં વિદ્યાર્થીઓને હાલાકી

## ફોર્મ મેળવવાની, પરત આપવાની તથા ફી ભરવાની લાંબી કતારો, પીઈસી પણ અઠવાડીયે મળે છે

ગાંધીનગર, તા.૨૪

રાજયભરમાં કોલેજોમાં હાલ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રવેશ પ્રક્રિયામાં જરુરી પ્રમાણપત્રો માટે જે તે યુનિવર્સિટીનો સંપર્ક અનિવાર્ય બન્યો છે ત્યારે ગુજરાત યુનિવર્સટીમાંથી પીઈસી મેળવવામાં વિદ્યાર્થીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. વહીવટી સ્ટાફની મંથરગતિએ કામ કરવાની પધ્ધતિ તેમજ ઉચ્ચ અધિકારી અને કુલપતિની આ કામગીરી ઉપર નજર રાખવાની આળસની સીધી અસર મજબૂર વિદ્યાર્થીઓ ઉપર પડી રહી છે જેથી વિદ્યાર્થીઓ તથા વાલીગણમાં ભારે આક્રોશ ફેલાયો છે.

રાજયમાં શિક્ષણના સ્તરને ઉંચુ લઈ જવા માટે વર્તમાન સરકારના પ્રયાસો ખુબ જ પ્રસંશનીય બન્યા છે પરંતુ શિક્ષણ પ્રધાન સહિત કુલપતિ અને ઉચ્ચ અધિકારીઓના સતત મોનીટરીંગના અભાવે વહીવટી સ્ટાફ મનફાવે તેવા નિર્ણય લઈ વિદ્યાર્થીઓને માનસિક રીતે હેરાન કરી રહ્યા હોવાનો બળાપો વિદ્યાર્થીઓ વ્યકત કરી રહ્યા છે. ગુજરાત યુનિ.માંથી મેળવવાનું પીઈસી (પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટી.) માટે ફોર્મ મેળવવાથી માંડીને ફી ભરવાની લાંબી લાઈનો ખડકાઈ જાય છે છતાં વહીવટી સ્ટાફ મંથરગતિએ જ કામગીરી કરે છે.

વધુમાં આ પીઈસી (કામચલાઉ ક્ષમતા પ્રમાણપત્ર) મેળવવા વારંવાર યુનિવર્સિટીના ધક્કા ખાવા પડે છે અને અનેક વિનંતીઓ બાદ અઠવાડીયે પીઈસી પ્રમાણપત્ર મળી શકે છે. આ પ્રમાણપત્ર અન્ય માન્ય યુનિવર્સિટીમાંથી ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતી વખતે જે તે કોલેજમાં રજુ કરવાનું ફરજીયાત હોય છે જેથી તેની મહત્વતાને ધ્યાને રાખી વિદ્યાર્થીઓ મુંગે મોઢે બધું સહન કરી અભ્યાસને મહત્વ આપે છે તેવું વિદ્યાર્થીઓ દુઃખભરા સ્વરે જણાવી રહ્યા છે.

રાજય સરકાર, યુનિવર્સિટીના કુલપતિ તેમજ ઉચ્ચ અધિકારીઓએ પ્રવેશ પ્રક્રિયા બાબતે અંગત રસ લઈ વિદ્યાર્થીઓને મેળવવાના પ્રમાણપત્રો સમયસર અને સરળતાથી પ્રાપ્ત થઈ શકે તેવું આગોતરું આયોજન કરવું જોઈએ જે સમયની માંગ હોવાનું વિદ્યાર્થીઓ ગણાવી રહ્યા છે.

# સરકારની સહાય મેળવવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન જરૂરી

## વિદ્યાર્થીઓનું ઓનલાઈન નોમીનેશન કરાવવાનું રહેશે

અમદાવાદ, તા.૨૪

રાજ્ય સરકાર દ્વારા સરકારી ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓમાં ભણતા ધોરણ-૬ થી ૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા ગણિત અને વિજ્ઞાનના પ્રદર્શનમાં મોડલ બનાવવા માટે ટ્રાવેલીંગ ખર્ચ તેમજ ઈન્સ્પાયર યોજના અંતર્ગત વિદ્યાર્થી દીઠ રૂપિયા ૫૦૦૦નો ઈન્સ્પાયર વોરંટ આપવામાં આવે છે. અત્યાર સુધી આ તમામ કામગીરી મેન્યુઅલ કરવામાં આવતી હતી પરંતુ નવા શૈક્ષણિક વર્ષથી તમામ શાળાઓએ પોતાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન સહિત વિદ્યાર્થીઓનું ઓનલાઈન નોમિનેશન કરવાનું રહેશે. તમામ શાળાઓએ ઉપરોક્ત કાર્યવાહી જિલ્લા શિક્ષણ વિભાગમાં કરવાની રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન અને નોમિનેશન ઓનલાઈન થયા બાદ તેની હાર્ડ કોપી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં જમા કરાવવામાં આવે ત્યારબાદ જ અરજી માન્ય ગણવામાં આવશે. કેન્દ્ર સરકાર હસ્તક ચાલતી ઈન્સ્પાયર યોજના ૧૨મી પંચવર્ષીય યોજનામાં પણ યથાવત રહી છે. આ અંતર્ગત દરેક શાળાના ધોરણ-૬ થી ૧૦ના વિદ્યાર્થીઓ તરફથી રૂપિયા ૨૫૦૦ ગણિત અને વિજ્ઞાનના મોડલ બનાવવા માટે તેમજ રૂપિયા ૨૫૦૦૦ મુસાફરી ખર્ચ પેટે આપવામાં આવે છે. આ માટે દરેક શાળાએ હવે પછી નવા શૈક્ષણિક વર્ષ શૈક્ષણિક વર્ષમાં શાળા સહિત વિદ્યાર્થીઓનું નામ ઓનલાઈન નોમિનેશન કરાવવાનું ફરજીયાત કરાવવામાં આવ્યું છે અને ત્યારબાદ હાર્ડ કોપી રજીસ્ટ્રેશનની જમા કરાવ્યા બાદ અરજી સ્વીકૃત ગણવામાં આવશે. આ કાર્યક્રમ આ વર્ષના સપ્ટેમ્બર અથવા તો ઓકટોબર માસમાં યોજાશે.

### નાની દશકોશી વણકર સમાજ દ્વારા વિનામુલ્યે ચોપડા અપાશે

ગાંધીનગર, તા. ૨૪

શ્રી નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજ અમદાવાદ દ્વારા ચાલુ વર્ષે સમાજના બાળકોને પ્રોત્સાહન રૂપે વિના મુલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવશે. ચાલુ વર્ષે (૨૦૧૪)માં વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે સમાજ તરફથી કે.જી. અને ધોરણ ૧ થી ૪ માં અભ્યાસ કરતા બાળકો માટે ૬ નંગ અને ધોરણ-૫ થી ૧૨માં અભ્યાસ કરતા બાળકો માટે ૧૨ નંગ ફુલ સ્કેપ ચોપડા આપવામાં આવશે. જે માટે ૧-સમતા સોસાયટી, સત્યમ ફ્લેટ પાસે સ્વસ્તિક બંગ્લોઝ સામે અમદાવાદ-૨૧ ખાતે સંપર્ક કરવા જણાવ્યું છે.

# આરટીઈ હેઠળના પ્રવેશની વિગતો મોકલવાનો આદેશ

## હવે જિલ્લા શિક્ષણ અધિકારીઓને આરટીઈ હેઠળ કેટલી શાળાઓએ પ્રવેશ આપ્યો છે તેનો રિપોર્ટ આપવા આદેશ

અમદાવાદ, તા.૨૪

શહેરની મોટાભાગની શાળાઓએ રાઈટ-ટુ-એજ્યુકેશન એક્ટ હેઠળ ફળવાયેલા નબળા અને વંચિત જૂથના બાળકોને એડમિશન ન આપ્યાની ચોંકાવનારી હકીકત બહાર આવ્યા બાદ શિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગર દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને આરટીઈ હેઠળ કેટલી શાળાઓએ પ્રવેશ આપ્યા છે તેનો રીપોર્ટ આપવા આદેશ કર્યો છે.

શહેરની સ્વનર્ભિર શાળાઓને રાઈટ-ટુ-એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ હેઠળ નબળા અને વંચિત જૂથના બાળકોને એડમિશન આપવા હુકમ કરાયો હતો. આમ છતાં, મોટાભાગની સ્વનર્ભિર શાળાઓએ શિક્ષણ વિભાગના આદેશ અને કાયદાની જોગવાઈનો ઉલાળીયો કરી નબળા અને વંચિત જૂથના બાળકોને એડમિશન આપવાનો નનૈયો ભણી દીધો હતો તેમજ રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પણ આરટીઈનું પાલન ન કરતી શાળાઓ સામે કોઈ પગલાં ન લેવાતા તે અંગેની ફરિયાદો ઉચ્ચકક્ષાએ પહોંચી હતી.

અમુક શાળાઓએ જ આરટીઈ-૨૦૦૯ હેઠળ ફાળવાયેલા વિદ્યાર્થીઓને એડમિશન આપ્યાની હકીકત સામે આવતા ચોંકી ઉઠેલા શિક્ષણ કમિશનર કચેરી ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓએ જિલ્લા શિક્ષણાધિકારીને સ્વનિર્ભિર શાળાઓએ નબળા અને વંચિત જૂથના બાળકોને આપેલા એડમિશનની વિગતોનો રીપોર્ટ આપવા હુકમ કર્યો છે. ડીઈઓ દ્વારા મોકલાયેલા રીપોર્ટ પર કેવા પગલા ભરાશે તે જોવું રહ્યું.

### સેકટર-૭-ડી શહેરીજન સંસ્થા તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા.૨૪

સેકટર-૭-ડી શહેરીજન સંસ્થાના સભ્યોના ધોરણ ૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણો પ્રાપ્ત કરનાર બાળકોને રોકડમાં પારિતોષિક આપનાર છે. સન્માન કાર્યક્રમ જુલાઈ માસમાં યોજાશે.

આ વિદ્યાર્થીઓના વાલીઓએ સંસ્થાના પ્રમુખશ્રી જયંતભાઈ જી. ભટ્ટ પ્લોટ નં. ૧૨૪૨/૨ મહામંત્રી શ્રી કે.ઓ. વ્યાસ. પ્લોટ નં. ૧૨૯૫/૧ સે-૭-ડીને તા. ૫મી જુલાઈ સુધીમાં મોકલી આપવા જણાવેલ છે. વધુ માહિતી માટે ૨૩૨૨૧૮૮૮ શ્રી જયંતભાઈ ભટ્ટ નો કે ૨૩૨૩૦૩૫૯ શ્રી કે.ઓ. વ્યાસનો સંપર્ક સાધવા જણાવેલ છે.

## હરિની દૃષ્ટિ...




ઇરાકની જેમ પેટ્રોલ માટે ગૃહ યુદ્ધ ચાલે છે... બાબાએ એના પપ્પા પાસે પેટ્રોલનાં પૈસા માગ્યા..!!

# આરાધના વિદ્યાવિહાર ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

આરાધના વિદ્યાવિહારમાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને આવકારવા માટે તા. ૨૦-૬-૨૦૧૪ના રોજ શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ધોરણ-૧૦ની વિદ્યાર્થીનિઓ દ્વારા નવા વિદ્યાર્થીઓને કુમ-કુમ તિલક કરી બોલપેનની ભેટ સાથે મોં મીઠુ કરાવી ઉત્સાહપુર્વક શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. તથા રાય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળના પાઠ્યપુસ્તકોનું વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી આર.એ. પટેલ સાહેબે જીવન વિકાસમાં શાળાનું મહત્વ એ વિષયે પ્રેરણાત્મક ઉદ્‌બોધન કર્યુ. તથા આચાર્યશ્રીએ પ્રાસંગિક પ્રવચન કર્યું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના તમામ શિક્ષકશ્રીઓએ સહયોગ આપ્યો હતો.

# અમદાવાદમાં પુસ્તક પરિચય શ્રેણીનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સરકાર દ્વારા જ્ઞાનની ધારા સામાન્ય માણસ સુધી પહોંચે તે માટે વિવિધ ક્ષેત્રોમાં કામગીરી હાથ ધરવામાં આવી છે. સપ્તધારાની જ્ઞાનધારા અંતર્ગત રાજય કક્ષાએ પુસ્તક પરિચય શ્રેણી કાર્યક્રમ યોજવામાં આવશે.

અમદાવાદ સ્થિત કેસીજી કેમ્પસ, 'પ્રજ્ઞાપૂરમ્' ઓડિટોરિયમ હોલમાં તા. ૨૭ જૂન શુક્રવાર સાંજે ૬-૦૦ વાગે યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં શ્રેણીના તૃતીય પદમાં લેખક પ્રદિપ ખંડવાલ ઉપસ્થિત હેશે. ખંડવાલ આઈ.આઈ.એમ.એ.ના ભૂતપૂર્વ ડિરેકટર છે અને તેમના દ્વારા ૨૮ પુસ્તકો લખવામાં આવ્યા છે. આ પ્રસંગે ખંડવાલ લિખિત ક્રિએટીવ સોસાયટી પ્રોસ્પેકટસ ફોર ઈન્ડિયાનો પરિચય કરાવવામાં આવશે. આ કાર્યક્રમમાં રાજયના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો, સાહિય રસિકો, શિક્ષણવિદો સહિત નાગરિકો માટે નિઃશુલ્ક યોજવામાં આવનાર છે.

## હવે પરીક્ષા ઓગસ્ટના અંતમાં લેવાશે

# બાર કાઉન્સીલ પરીક્ષા એક મહિના લંબાવાઈ

અમદાવાદ, તા.૨૪

બાર કાઉન્સીલ ઓફ ગુજરાત તરફથી તા. ૧૬-૬-૧૪ના રોજ બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાને ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિનેશન-૭ની પરીક્ષાની તારીખ તેમજ ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવા માટે એક લેખિત આવેદનપત્ર મોકલવામાં આવેલ.

જેમાં ગુજરાતના વર્તમાન સમયમાં ૧૦ લો યુનિવર્સિટી આવેલ છે જેમાં ૪૬ લો કોલેજો કામ કરી રહી છે. આ ૧૦ લો યુનિવર્સિટીના ત્રીજા વર્ષ તથા પાંચમાં વર્ષ એલએલબીના રીઝલ્ટ તેમજ માર્કશીટ હજી સુધી વિદ્યાર્થીઓને મળેલ ન હોઈ તા. ૨૫-૬-૧૪ સુધી ધારાશાસ્ત્રીઓ પરીક્ષા માટેના ફોર્મ ભરી શકે તેમ ન હોઈ તેની મુદત એક માસ માટે લંબાવવા રજુઆત કરવામાં આવી હતી. તે પ્રરને આધારે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તરફથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની માંગણીનો સ્વીકાર કરીને ઓલ ઈન્ડિયા બાર એક્ઝામ-૭ જે તા. ૨૭-૭-૧૪ના રોજ લેવનાર હતી તેમાં એક માસનો વધારો કરવામાં આવેલ છે એટલે કે પરીક્ષા ઓગસ્ટ માસના અંતમાં લેવામાં આવશે.

# 'સ્વભાષા બને શિક્ષણનું માધ્યમ' - હવે આ સૂત્ર થઇ રહ્યું છે સાકાર !

## વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

હવે આપણે ગૌરવથી કહી શકીશું કે અમારી પાસે છે 'મા' છે અર્થાત્ માતૃભાષામા (સ્વભાષામાં) શિક્ષણ મેળવવાની વ્યવસ્થા છે. એનો અર્થ એ થયો કે ઊચ્ચ શિક્ષણના અભ્યાસનું માધ્યમ હિન્દી (સ્વભાષા) બનવાની દિશામાં પહેલું પગલું મંડાઈ ગયુ છે. આ નવીન અને આકર્ષક પ્રકલ્પની શરૂઆત થઈ છે ભોપાલની 'અટલ બિહારી વાજપેયી હિંદી વિશ્વ વિદ્યાલય' થી. આ દેશમાં એવાં સેંકડો વિદ્યાર્થીઓ છે જે માત્રને માત્ર અંગ્રેજી ભાષામાં કોઈ સંજોગોને કારણે નબળાં રહી ગયા હોય અને ઉચ્ચ અભ્યાસ ન કરી શક્યા હોય. આવા વિદ્યાર્થીઓને સાંભળનાર કે સમજનાર કોઈ નહોતું. ભલે આપણામાંથી ઘણાં એમ માનતા હોય કે માધ્યમ બદલવાથી કંઈ ફેર ન પડે અને આવું કાંઈ શક્ય લાગતુ નથી. અંગ્રેજી માધ્યમ વિના તો કાંઈ રસાયણવિજ્ઞાન, વનસ્પતિ વિજ્ઞાન, પર્યાવરણ, ભૌતિક વિજ્ઞાન, પ્રાણી વિજ્ઞાન, વાણિજ્ય અને પ્રબંધન જેવા વિષયોનો અભ્યાસ શક્ય છે? હા, શક્ય છે. આ બધા વિષયોને ઉપરોક્ત વિશ્વ વિદ્યાલય માત્રને માત્ર હિન્દી માધ્યમમાં અભ્યાસ કરાવવા જઈ રહી છે. (જેમ અંગ્રેજોની ગુલામી વખતે કેટલાક કહેતા કે અંગ્રેજો વિના તો કાંઈ દેશ ચાલતો હશે, પણ તે વાતમાં કં દમ હતો?)

આ વિશ્વ વિદ્યાલયનો ઉદ્દેશ્ય હિંદી ભાષાને અધ્યાપન, પ્રશિક્ષણ, જ્ઞાનની વૃદ્ધિ તથા પ્રસાર માટે અને વિજ્ઞાન, સાહિત્ય, કલા અને અન્ય વિદ્યાઓમાં ઉચ્ચ સ્તરીય સંશોધન માટે શિક્ષણનું માધ્યમ બનાવવાનો છે. બધા વિષયોમાં સંકલિત કરવા, અનુવાદિત કરવા અને સુરક્ષિત કરવાનું કાર્ય પણ આ વિશ્વ વિદ્યાલય કરવા જઈ રહ્યું છે. તે માટે આ વિશ્વવિદ્યાલયમાં કાર્યશિબિર, પરિસંવાદ અને અધિવેશન પણ આયોજિત થતા રહ્યા છે. બધા કર્મો, પ્રાચીન સભ્યતાઓ અને સાંસ્કૃતિઓનાં અધ્યયનને હિંદીભાષાના માધ્યમથી શિક્ષીત થવાનું પણ એક કાર્ય અહિં થઈ રહ્યું છે. આ યુનિવર્સિટી ૨૦૧૨-૧૩ના સત્રમાં યોગ ચિકિત્સા, યોગ પ્રશિક્ષક, યોગ શિક્ષક પ્રશિક્ષણ અંગેના પ્રમાણ પત્ર અભ્યાસ ક્રમો શરૂ કરી ચુકી છે. ઉપરાંત વૈદિક ગણિત, જૈવ વિવિધતા અને પર્યાવરણ, જૈવિક કૃષિ પ્રોદ્યૌગિકી પ્રબંધન, અનુવાદ, કાર્ય સંસ્કૃતિ સંવર્ધન જેવા અન્ય પ્રમાણપત્ર અભ્યાસ ક્રમો શરૂ કરી દીધા છે.

વર્ષ ૨૦૧૩-૧૪થી પીએચ.ડી. (અંતરિક્ષ વિજ્ઞાન, વનસ્પતિ વિજ્ઞાન, જૈવ વિવિધતા સંરક્ષણ, પર્યાવરણ, અનુપ્રયુક્ત રસાયણ, પ્રાણી વિજ્ઞાન જેવા વિષયોમાં)ષ એમ.ફિલ., (ભૌતિક વિજ્ઞાન, જૈવ વિવિધતા સંરક્ષણ, પર્યાવરણ પ્રબંધન, વનસ્પતિ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ગણિત, પ્રાણી વિજ્ઞાન), એમ.એસસી. (ભૌતિક વિજ્ઞાન, જૈવ વિવિધતા સંરક્ષણ, પર્યાવરણ પ્રબંધન, વનસ્પતિ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ગણિત, પ્રાણી વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ગણિત વનસ્પતિ વિજ્ઞાન) વાણિજ્ય અને પ્રબંધનમાં પીએચ.ડી., વાણિજ્યમાં એમ.ફીલ., એમ.બી.એ. (વ્યાવસાયિક અર્થશાસ્ત્ર સંભાર તંત્ર અને આપૂર્ત શૃંખલા પ્રબંધન) સ્નાતક (બી.કોમ, બીબીએ) સમાજ વિજ્ઞાનમાં પીએચ.ડી અને પીએચડી (અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, એમ.એ. (અર્થનીતિશાસ્ત્ર, યોગ અને માનવચેતના, ભૂગોળ, સુદૂર સંવેદન), બી.એ. (અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, ઈતિહાસ) જેવી પદવીઓ આ વિશ્વવિદ્યાલય આપે છે.

ગુલામી છેક રક્તવાહિનીઓમાં પરિભ્રમણ કરવા લાગે અને તેની ખંજવાળ કયારેક મીઠી લાગવા માંડે તો શું માનવું? તેવાનો રક્તાતિસાર થાય તો પણ શું? અંગ્રેજી પ્રત્યે સન્માન સૌને હોય પણ મોહ તો નકામો જ ગણાય. ભાષાનું શાસ્ત્ર ન સમજનાર વ્યક્તિઓ એ નથી જાણતા કે હિબ્રૂ ભાષાએ ઈઝરાયેલને એક દેશની સંભાવનાને જીવતી રાખી હતી. ગુજરાત બહાર જઈએ ત્યારે કોઈ પણ વ્યક્તિ ગુજરાતી બોલતો સાંભળીયે એટલે કેવો રાજીપો રગે રગમાં વ્યાપી જાય છે. ભાષા વ્યક્તિ અને સમાજની આગળ સદીઓનાં સૂર અને પંચતત્વોથી તરબતર હોય છે. હર્ષદભાઈ શાહની 'માતૃભાષા અંગેનું ચિંતન પ્રગટાવતી એક પુસ્તિકાનો અભ્યાસ કરવા જેવો છે. પુસ્તક છે 'માતૃભાષા અને અંગ્રેજી : શું પહેલાં શું પછી?' તેઓ આગ્રહપૂર્વક જણાવે છે : 'માતાના માતૃત્વમાં અને તેના વાત્સલ્યમાં જે શક્તિ છે, એવી જ માતૃભાષામાં પણ છે. પરભાષાના પાયા પર ઊંચી ઈમારત ચણી શકાતી નથી એ સત્ય હવે સમાજને ધીમે ધીમે સમજાઈ રહ્યું છે. આંખ વેંચીને ચશ્મા ખરીદવા ન જવાય એ વાત પણ હવે ઘણાંને સમજાઈ રહી છે. સંપૂર્ણ વિશ્વ એ સ્વીકારે છે કે બાળકોમાં ગુણ અને ક્ષમતાઓને વધુમાં વધુ વિકાસ માતૃભાષામાં શિક્ષણ આપવાથી જ શક્ય બને છે. યુનેસ્કોએ પણ આ તથ્ય પર સિક્કો લગાવતાં દર વર્ષે ૨૧ મી ફેબ્રુઆરીને 'માતૃભાષા ગૌરવ દિવસ' તરીકે ઊજવવાનો આગ્રહ કર્યો છે. માતા, માતૃભાષા અને માતૃભૂમિ - એ ત્રણ પણ મનુષ્યના ભાવવિશ્વનો ત્રિવેદી સંગમ છે. એ ત્રણેનું ગૌરવ ન કરી શકે કે નગુણો છે.'

હિંદી ભાષાના કેટલાક તથ્યો જાણવા જેવા છે. ૨૨ દેશોમાં લગભગ ૧ અરબ લોકો હિન્દી ભાષાનો પ્રયોગ કરે છે. યુનેસ્કોની સાત ભાષાઓમાં હિંદીને સ્થાન મળ્યુ છે. સંસારભરમાં લગભગ ૧૫૦ વિશ્વવિદ્યાલયોમાં હિંદી ભાષાનાં અધ્યયન-અધ્યાપનની વ્યવસ્થા છે. ફિજી અને મોરેશિયલમાં હિંદીને દ્વિતીય રાજભાષાનું સ્થાન પ્રાપ્ત છે. મોરેશિયસમાં વિશ્વ હિન્દી કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. ૭૧ પ્રતિશત ભારતીય હિંદી સમજી શકે છે. કોમ્પ્યુટર માટે સૌથી આસાન દેવનાગરી લિપી હિન્દી ભાષા છે. તેને ઉપયોગમાં લેવા માટે માત્ર ૧૦૦૦ ચિહ્‌નોની આવશ્યકતા છે. તેની તુલનામાં ચીની ભાષામાં ૧,૦૦,૦૦૦ ચિહ્‌નોની જરૂર પડે છે. છતાં પણ હિંદી કોમ્પ્યુટર (સંગણકયંત્ર) માટે પછાત ભાષા બની ગઈ છે. તેની સામે ચીની ભાષા પુરી કુશળતાથી સંગણક માટે ઉપયોગમાં લેવાય છે. હિંદીની વર્તમાન સ્થિતિ માટે અન્ય કોઈ જવાબદાર નથી, પણ આપણા જ કહેવાતા વિદ્વાન નાગરિકો છે. જે માને ઓછે કે અંગ્રેજી વિના દિવસ ઊગે જ નહીં! ગુજરાતીમાં લખાયેલ સાહિત્ય વિશે આપણે કેટલું જાણીએ છીએ અને આગળની પેઢીને શું આપી શકીશું? ભારતેંદુ હરિશ્ચંદ્ર એ સમાજના શૂળને દૂર કરવાનો ઉપાય આ પંક્તિઓમાં આપી દીધો છે.

'નિજ ભાષા ઉન્નતિ અહૈ, સબ ઉન્નતિ કૌ મૂલ.
બિન નિજ ભાષા જ્ઞાન કે, મિટૈ ન હિય કૌ સૂલ'

હાસ્યના માધ્યમથી સમાજને ઘડનારા રતિલાલ બોરીસાગર પણ માતૃભાષાની વાત તો ગંભીર થઈને જ કરે છે : 'જે સમાજમાં માતૃભાષા નબળી પડે એ સમાજ ધીમે ધીમે કલા અને સાહિત્યથી વિમુખ બને અને જે સમાજ કલા અને સાહિત્યથી વિમુખ બને એ સમાજનું સર્વતોમુખી પતન થાય છે અને તેની માતૃભાષાનાં સંરક્ષણ અને સંવર્ધનની જવાબદારી સમગ્ર સમાજની છે.' હાસ્યલેખકશ્રીની વાતમાં દમ છે કારણ કે ગુજરાતી કવિતાઓ તમને આજે કોઈ બાળકના મુખમાંથી સાંભળવ મળે છે? બીજી બાજુ મીકી-માઉસ એ કેવા વિદેશી પાત્રો અથવા ફિલ્મી ગીતો બાળકોના મોઢેમાં સહજ રમતાં હોય. કયાં ગઈ એ કવિતાઓ અને એ મજાનાં પાઠ જે આપણે ભૂલતાં જઈએ છીએ. 'ભાગલો વહોરો' કે 'મળેલા જીવ' આજે કોઈને પોતાના લાગતા નથી. પાત્રો બદલાઈ ગયા છે. સંવેદનાને શૂન્ય બનાવનારી કશાઓ અને વાતોથી આખું બજાર ઉભરાય છે.

કેટલાક ઉપાયો વિશે વિચારીએ તો જણાય છે કે જેનો અમલ આપણે ગમે ત્યારે શરૂ કરીએ છીએ. આપણા હસ્યાક્ષર ગુજરાતીમાં કરી શકાય. બે ગુજરાતીઓ મળે અને અંગ્રેજીમાં વાત કરે તે વાત કેટલી કમોસમી લાગે છે? આપણા દૈનિક વ્યવહારમાં વગર કામમાં કેટલા શબ્દો અંગ્રેજીમાં ચલાવ્યે રાખીએ છીએ. બાળક હજી માંડ માંડ બોલતું થયું હોય અને તેને પાણીથી દૂર અને વોટરથી નજીક લઈ જવાનું કંઈ કારણ ખરું? અરે! જયારે જરૂર પડશે એટલે એ ભલેને અંગ્રેજી બોલે. મમ્મીઓનું અંગ્રેજી તો સાંભળવાં જેવું હોય. 'પહેલાં ઈટ કરી લે બેટા, પછી આપણે અંકલના ઘરે સીટ કરવા જઈશું અને પછી સીધા તારા સરને મીટ કરવા જઈશું.' બોલો આ બાળકનું અંગ્રેજી પણ કેવું 'ગુજલીશ' બનશે? ભારતમાં અંગ્રેજી જાણનાર અને ન જાણનાર એવા બે વર્ગ જાણે-અજાણે પડતા રહ્યા છે. જાણનાર કશું વિશેષ પ્રદાન કર્યા વિના વેંત ઊંચો ચાલે છે. અને ન જાણનાર... એને તો કોઈ હરોળમાં ઊભા રહેવામાં તકલીફ પડે છે.

શું આપણા બાળકોનો ભારતીય ઈતિહાસ, ધર્મ, જીવનદર્શન અને સંસ્કૃતિ સુધી પહોંચવાનો માર્ગ બંધ કરી દેવા માગીએ છીએ? અંગ્રેજી જેવી વિદેશી ભાષાનો વધારાનો બોજ આપણા બાળકોની સમજ્યા વગરની છ (૬) ગણી મહેનત વધારી દે છે. વિશ્વમાં આપણે ભાષાહીન રાષ્ટ્ર તરીકે ઓળખાઈએ તે માન્ય તેવી બાબત છે? આપણે ભારતીય છીએ તો ભારતીય ભાષા બોલવામાં શેનો અનુભવ થવો જોઈએ? ગર્વ કે શર્મનો? આપણી ઓફિસોનાં નામકરણ અંગ્રેજીમાં હોય છે, જેનાથી અંગ્રેજી ન જાણતા લોકોની માનસિક સ્થિતિ દુખદ બની રહે છે. દુકાનોને પણ જાણે અંગ્રેજી નામકરણ વગર ચાલતું નથી. જાણે બધી દુકાનોમાં વિદેશી ગ્રાહકો આવવાના હોય! વર્તમાનપત્રો અને વિજાણુ માધ્યમો તો જાહેરાતોથી માંડીને સંવાદોમાં મોફાડ અંગ્રેજીનું ઊંધીયું બનાવે રાખે છે. પ્રશ્ન થાય કે ઈંગ્લેન્ડમાં બેઠેલ કોઈ અંગ્રેજ, જે ૧૯૪૭ પહેલાં ભારતમાં રહ્યો હોય અને તે અત્યારે ભારતીય ચેનલ (ખાસ કરીને જાહેરાતો) જોતો હશે ત્યારે કેવો ગર્વ અનુભવતો હશે?